શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૭૯ • તા. ૧૩ સપ્ટેમ્બર થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.



# લાલા મહાજનમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધના


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી
ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# નિષ્ફળતાના શિક્ષણથી સફળ થવાય છે

દુનિયાને સતત નિષ્ફળતા મેળવેલ વ્યક્તિ જ સફળતા કેમ મેળવવી તેના પાઠ ભણાવે છે. ઓછા પ્રયત્ને અનાયાસ સંપતિ કેમ સર્જવી તેની તાકમાં સૌ રહે છે. એના પાઠ ભણાવતા કઈ કેટલાં પુસ્તકો લખાય છે, વેંચાય છે અને ખપત થાય છે. પ્રત્યેક વ્યક્તિ પોત પોતાના ક્ષેત્રમાં રાતોરાત સફળતા મેળવા માંગે છે પણ કોઈ વિચારતું નથી કે ગોટલો વાવ્યા પછી જો પૂરા પાંચ વર્ષ સુધી એની સંભાળ લેવાય, માવજત, રખાવટ કરાય તો જ એ આમ્રવૃક્ષ બનીને મ્હોરે છે અને કેરીના રૂપે મીઠા મધૂર ફળ આપે છે. સફળતા ઝટ પામવી છે પણ, સંભાળ લેવા જેટલો કોઈને સમય નથી. સૌને સત્વરે પરિણામ જોઈએ છે. પરિણામે ઘરમાં કે ગેલેરીમાં વડલો અને પીપળો ઉગે છે પણ બોન્સાઈ વૃક્ષો રૂપે.

મનોવિજ્ઞાન શિક્ષણના સફળતા મેળવવાના સાત પગલાં જેવા સચોટ ને કારગત ઉપાય બતાવતા પુસ્તકોનો રાફડો આજે બજારમાં ઠલવાય છે. જેટલા પુસ્તકો એટલા જ જ્ઞાનગુરૂઓના વ્યાખ્યાન, પ્રવચન અને બોધપ્રદ ભાષણ સાંભળી ભલભલા મૂંઝાઈ જાય છે. પાછા એના લોભામણા શીર્ષકો જેમકે 'તનાવથી મુક્તિ', 'સફળતાને આંબવી સહેલી છે'. 'હતાશાને દૂર રાખો', 'સમયથી સાવધાન', 'થીંક પોઝિટીવ' જેવા ચાલાક અને ચબરાકીયા મથાળાથી માણસ ભ્રમિત થઈ જાય છે. એટલું ગાંઠે બાંધી રાખવું જોઈએ કે માણસ એ જો સતત હકારાત્મક વિચારો જ કરવા જોઈએ, નિષેધાત્મક કશું વિચારવું ન જોઈએ. જો સતત હકારાત્મક વિચારો જ કરીએ તો કાર્ય સિદ્ધિ અવશ્ય સાંપડે છે. નિષ્ફળતા નજીક ફરકતી નથી. માણસ સતત બુદ્ધિપૂર્વક પ્રયત્નો કરે અને ધીરજપૂર્વક પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટે પરિશ્રમ કરતો રહે તો અને સિદ્ધિ સફળતા નક્કી મળે જ છે. એમાં કશી જ નવી વાત નથી.

કોઈ એક કાર્ય આરંભતી વખતે ભવિષ્યમાં આવનારી સંભવિત મુશ્કેલીઓ વિષે પણ અગાઉથી આયોજન હોવું જોઈએ. મુશ્કેલી આવે ને ન પણ આવે. એના વિચારમાં હતોત્સાહ થવું નહીં. પણ આયોજન એને પડકારવાનું જરૂર રાખવું. કોઈપણ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે એક માર્ગી વિચાર ન રાખવા જોઈએ. ગતિ અવરોધક પરિબળો આવશે એના ઉપાય પણ મનોમન ઘડવા જોઈએ. તરતાં આવડતુ હોય અને બાવડા સશક્ત હોય તો બે કાંઠે ઘસમસતી વહેતી નદીના પ્રવાહમાં તરવું એ આનંદની અનુભતિ થઈ રહે છે. પણ તરતાં ન આવડતું હોય અને બાવડામાં બળ ન હોય તો પણ તુંબડાને વળગી તરી શકાય. પણ નિજાનંદ ન મળી શકે. સતત તુંબડો છૂટી જશે તો એનો ભય વ્યાપેલો રહે છે.

આપણી સફળતાની કેડી આપણને મળેલી નિષ્ફળતામાંથી, વેઠેલી નુકસાનીના બોધ પાઠમાંથી જ જડવાની છે. બીજાના બોધ વચનો ઠાલા શબ્દોના ફીફાં ઝાંઝવાનું સૌંદર્ય જરૂર આપશે પણ આપણને પાણીનો એક ઘૂંટડો સુદ્ધાં આપી શકશે નહીં. વિચારતા શીખીએ, બે કિનારાની વચ્ચે આપ બળે તરતાં શીખીએ અને સફળતા તથા નિષ્ફળતાના ઝૂલે ઝૂલી કાબેલિયતને કલા કૌશલ મેળવીએ અને સફળતા પામીએ.

– જ્ઞાતિમૈયા

# સાચા અને સારા મિત્ર જરૂરી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

એક અંગ્રેજ સાહિત્યકાર કહ્યું છે કે મને તમારા મિત્રો સાથે મળાવો, હું તમને કહી આપીશ કે તમે કેવા છો! આ પ્રતિપાદન કરે છે કે આપણી સંગત કેવા સાથે છે. જેને લીધે આપણો સ્વભાવ, ચરિત્ર સામેવાળાને જણાઈ આવે છે. કોઈપણ વ્યક્તિના જીવનમાં મિત્રતાનો સંબંધ સૌથી મહત્વનો હોય છે. પરિવારજનો, આપ્તજનો પછી જીવનમાં મિત્રોનું જ સ્થાન અગત્યનું હોય છે.

મિત્ર માટે કહેવાયું છે કે 'મિત્ર એવો શોધવો, જે ઢાલ સરીખો હોય, સુખમાં પાછળ રહે, દુ:ખમાં આગળ હોય.' જેમ પ્રેમ કરાતો નથી એ થઈ જાય છે તેવી જ રીતે મિત્રતા પણ કરાતી નથી એ થઈ જાય છે. સરખે સરખા વિચાર, સ્વભાવ અને વલણને લીધે નજીકદી થવાથી આત્મીય સંબંધ બંધાઈ જાય છે. એટલે જ આજનો યુવા કહે છે કે દોસ્તી કોઈ ખોજ નહીં હોતી, ઔર યે હર રોજ નહીં હોતી. કયોંકી હર ફ્રેન્ડ જરૂરી હોતા હૈ. સખા, ભાઈબંધ, દોસ્ત, યાર, મિત્ર, લગોટિયો જેવા સંબોધન મિત્ર માટે વપરાતા આવ્યા છે. મિત્ર શબ્દ કાને પડતાં આપણાં મનમાં અંગત મિત્રોની તસવીર દેખાવા લાગે છે. બાળપણથી લઈને મોટા થઈએ ત્યાં સુધી છેલ્લે કહીએ તો જીવનના અંતિમ પડાવ સુધી મિત્ર નામની સંજીવની આપણને જીવાડતી હોય છે. બધા સંબંધ જ્યાં પૂરા થાય છે ત્યાંથી મિત્રતાનો સંબંધ શરૂ થાય છે. જીવનની શુષ્કતામાં સાચાં મિત્રો આપણા જીવનમાં ખૂટતા રંગોની પૂર્તિ કરે છે. સાચા અને સારા મિત્રો આપણા જીવની દશા અને દિશા બદલી નાખવા સર્મથ હોય છે. મિત્ર આપણા જીવનનો ચિત્ર બદલી કાઢવા યોગ્ય પાત્રતા ધરાવે છે.

જીવનમાં લોહીના સંબંધ ઈશ્વરદત હોય છે. પરંતુ મિત્રતા એવો સંબંધ છે. જેના લોહી સાથે નહીં પરંતુ મન અને લાગણી સાથે હોય છે. મિત્ર એક માત્ર એવી વ્યક્તિ છે. જેને વિના સંકોચે સુખ અને દુ:ખની બધી વાતો મોકળા મને કરી શકીએ છીએ. મિત્રતા ઉંમર, ધર્મ, જાતિ, પ્રદેશ, સમાજ કે દેશને અવગણીને પાંગરતી હોય છે. બળજબરીથી નહીં પણ સહજતાથી મિત્રતા થાય છે. મિત્ર સાથે બેસે એના કરતાં ખરાબ સમયે ઉભા રહે એ જરૂરી છે. સાચો મિત્ર એવી ઔષધિ સમાન છે જેની સાથે વાત કરવાથી માનસિક વ્યાધિ ઓછી થાય છે. બધા દરવાજા બંધ થયા પછી જે એક બારી ખૂલતી હોય છે એ છે મિત્ર.

દોસ્તી માત્ર એક શબ્દ નથી પણ એક ઊંડો લાગણી સભર સંબંધ છે. જે જીવનના દરેક તબક્કે આપણને ટેકો આપે છે, હૂંફ આપે છે. મિત્ર ક્યારેક મૌન રહીને પણ ઘણું બધું કહી જાય છે. દોસ્તીમાં લાગણી વેડા ન હોય, પ્રેમ-વફાદારીના કહેવાતા વચન ન હોય પણ ખભા પર હાથ મૂકીને અદમ્ય લગાવ અને ઊંડો વિશ્વાસને અનોખી સમજણ વ્યક્ત કરી દે છે મિત્ર. સમય વીતતો જાય, જવાબદારીઓ વધતી જાય તો પણ દોસ્તી વટવૃક્ષની જેમ ઊભી હોય છે. જીવનના દરેક તબક્કે મિત્રો અડીખમ ઊભા હોય છે. કપરા સંજોગોમાં સામનો કરવાની શક્તિ, હિંમત સતત મિત્ર આપે છે. શબ્દો કરતાં લાગણીની અસર વધુ હોય છે. આખી દુનિયા જ્યારે વિરૂધ્ધ હોય ત્યારે મિત્ર જ મજબૂત ટેકો આપે છે. સલાહ આપવાને બદલે સમજણ અને મોકળા મને રડવા પોતાનો ખભો પણ આપે છે.

ચિત્રભાનુજી એ ગાયું છે 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યાં કરે, શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.' છેલ્લે એટલું જ કહેવું છે કે દોસ્તોને છૂટાછેડા આપી શકાતા નથી કારણ કે હસ્તમેળાપથી નહીં પણ મનમેળાપથી મળેલ હોય છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || યુગાધિદેવ શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલીદેવ્યે નમઃ ||

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

સંઘ પ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.




શ્રી સંઘના સંસ્થાપક, શાસનસમ્રાટ્, ભારત દિવાકર,
રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

## શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાની

## ૩૭ મી પુણ્યતિથિ નિમિત્તે

## ભારતભરના અચલગચ્છીય શ્રી સંઘો-મહાજનોમાં

# સામુહિક અઠ્ઠમ તપ

**પાવનકારી અઠ્ઠમતપના દિવસ**

**ભાદરવા વદ અમાસ, આસો સુદ એકમ-બીજ,**
**રવિવાર તા. ૨૧-૯-૨૫, સોમવાર, તા. ૨૨-૯-૨૫,**
**મંગળવાર, તા. ૨૩-૯-૨૫**

**નોંધ : વર્ષીતપના તપસ્વીઓ**
**તા. ૨૦/૨૧/૨૨-૯-૨૫ ના અઠ્ઠમતપ કરી શકશે.**

આપણા સહુના ઉપકારી, સંઘહૃદય સમ્રાટ ગુરૂદેવના
ચતુર્વિધ શ્રી સંઘ પર અનંત ઉપકાર છે.

**પ.પૂ. ગુરૂદેવ ભાદરવા વદ અમાસ (શ્રી નેમનાથ પ્રભુ કેવલજ્ઞાન કલ્યાણક દિન) ના કાળધર્મ પામ્યા.**

**ગુરૂદેવનું ઋણ અદા કરવા ભારતભરના અચલગચ્છીય શ્રી સંઘો/મહાજનો, શ્રમણ-શ્રમણી ભગવંતોને ખાસ વિનંતી કે વધુમાં વધુ આરાધકોને અઠ્ઠમ તપમાં જોડાવવા પ્રેરણા કરશો.**

તપસ્વીઓના નામ શ્રી સંઘના લેટરપેડ પર લખી તા. ૨૨-૯-૨૦૨૫ ના સાંજ સુધી 70204 25835 પર વોટ્સએપ કરવા,
ત્યારબાદ આવેલ નામો સ્વીકારી શકાશે નહીં.
તપસ્વીઓએ પોતાના નામ આપ જે સંઘમાં આરાધના કરતા હો ત્યાંજ લખાવવા વિનંતી.

**અઠ્ઠમ તપ પ્રભાવનાના લાભાર્થી:**

**દેદીપ્યમાન દેવપુર નગરે આત્મભાવોપાસના ચાતુર્માસોત્સવ**
**અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**
**આદિ ઠાણા - ૧૦ ના**
**ભવ્યાતિભવ્ય ચાતુર્માસિક આરાધનાની અનુમોદનાર્થે**

## શ્રી દેવપુર જૈન મહાજન - ચાતુર્માસ સંઘપતિ પરિવાર

**આપના સુકૃતની અંતરથી અનુમોદના...**

લી. : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ - માનદ્ મંત્રીઓ

BINITA S. MARU - 9869034162

# લાલા મહાજનમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધના











શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર તથા મહાજન ટ્રસ્ટના નેજા હેઠળ સુંદર સોહામણા કચ્છની નાની પંચતિર્થીના રળિયામણા લાલા ગામમાં પર્યુષણ મહાપર્વની ઉજવણી શ્રી મણિલાલભાઈ પદમશી દંડના પ્રમુખપણા હેઠળ સહુ ગામવાસીઓની હાજરીમાં રંગે ચંગે તથા અતિ ઉત્સાહભેર ઉજવાઈ. પવિત્ર મહોત્સવ દરમિયાન અંદાજે ૫૦થી વધુ શ્રાવક શ્રાવિકાઓ દેશ-દેશાવરથી માદરે વતન લાલા ગામે પધાર્યા હતા, જેમાં લાલા તથા રાણપર ગામના પરિવારો તથા નિયાણી બહેનોના પરિવારોની હાજરી સવિશેષ રહી.

# લાલા મહાજનમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધના







પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવા માટે શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠના નેજા હેઠળ આપણા લાલા ગામની નિયાણીઓ શ્રીમતી સુશીલાબેન લક્ષ્મીચંદ નાગડા (નલિયા) તથા શ્રીમતી ગીતાબેન ખુશાલભાઈ લોડાયા (ભુજ) થી પધાર્યા હતા. જેમણે ખૂબ જ ભક્તિભાવપૂર્વક અને માતૃહૃદયથી ગામવાસીઓને પર્યુષણ મહાપર્વની આરાધના કરાવી. પર્યુષણ પર્વ દરમિયાન રોજ સવારે રાઈ પ્રતિક્રમણ, સમુહ ચૈત્યવંદન, સ્નાત્ર પૂજા, ભક્તામર મહાસ્તોત્રનો સમુહ જાપ, વ્યાખ્યાન, વિવિધ પ્રશ્નોત્તરી તથા શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણકની પૂજા, ભક્તામર પૂજન અને બીજી પૂજાઓ વગેરે ભણાવવામાં આવી હતી. જેમાં પધારેલા સહુ શ્રાવક શ્રાવિકાઓ એ ઉમળકાભેર ભાગ લીધા પછી સાંજે દેવશી પ્રતિક્રમણ બાદ રાત્રી ભાવનામાં પ્રભુ ભક્તિમાં પૂરું ગામ લીન બની જતું.

# લાલા મહાજનમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધના





બીજના દિવસે અચલગચ્છ અધિષ્ઠિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના ગામના યંગસ્ટરો દ્વારા લાભ લીધો હતો. ગામના ગાવિકો શાંતિલાલભાઈ, હિરાચંદભાઈ, રાજુભાઈ, હંસરાજભાઇ, પારસભાઈ તથા ગીતાબેન લોડાયા તથા ગામ વાસીઓ એ રમઝટ જમાવી હતી. પર્યુષણ દરમિયાન વિવિધ લકી ડ્રો, પ્રભાવના અને પ્રભુજીની નયનરમ્ય આંગી જોવાલાયક રહી. પર્યુષણ પર્વ દરમિયાન રોજ સુંદર આંગી દર્શનાબેન મૈશેરી તથા યંગસ્ટર ગ્રુપ દ્વારા રચવામાં આવેલ.આ વખતે લકી ડ્રોમાં અનેક સુંદર વસ્તુઓ અને પાલીતાણા યાત્રા રાખેલ.





# લાલા મહાજનમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધના







પર્યુષણ મહાપર્વ દરમિયાન વિવિધ બોલીઓ તથા ભાદરવા સુદ બીજના દિવસે મહાવીર સ્વામી જન્મ કલ્યાણકના વાંચનના દિવસે ૧૪ સ્વપ્નાનો ચઢાવામાં ગામવાસીઓએ યથાશક્તિ હોંશભેર ભાગ લીધો. પર્યુષણ મહાપર્વ દરમિયાન શ્રી કલ્પસુત્રની પોથી ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી સુંદરબેન ભવાનજી મૈશેરી તથા શ્રીમતી હસુમતીબેન નવીનચંદ્ર દંડ પરિવારે સમુહ રીતે લીધો હતો. તથા કલ્પસૂત્ર વહોરાવવાનું લાભ. શ્રીમતી રસીલાબેન ભરતભાઈ મૈશેરી લીધો હતો, બારસા સૂત્ર વહોરાવવાનું લાભ માતૃશ્રી સુંદરબેન ભવાનજી મૈશેરી લીધો હતો.

# લાલા મહાજનમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધના







શ્રી મહાવીર સ્વામીનું પારણું પધરાવવાનો લાભ લાલા ગામના યંગસ્ટર ગ્રુપ એ ઉલ્લાસપૂર્વક લીધો હતો. શ્રી શાલીભદ્રજીની પેટીનો ચઢાવો માતૃશ્રી નવલબેન જેઠાભાઈ વીરજી દંડ પરિવારે લીધો હતો. જેમણે પેટી એમના ઘરે અંકલેશ્વર મુકામે પહોંચી ત્યારે શ્રી સંઘનું સ્વામી વાત્સલ્ય તથા શ્રી માહાકાલી માતાજીની ભાવના રાખેલ હતી. ચોથના દિવસે ૧૦૮ દીવાની કુમારપાળ રાજાની આરતી લાભ માતૃશ્રી તરલાબેન લહેરચંદભાઈ મૈશેરી (ભાંડુપ) લીધેલ અને એમના નિવાસ્થાનથી શ્રી સંઘ એ કુમારપાળ રાજા આબેહુબ જેવા વસ્ત્રોમાં વાજતે ગાજતે દેરાસર લઈ આવ્યા.

# લાલા મહાજનમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધના









શ્રી પર્યુષણ મહાપર્વ દરમિયાન ૪૫ આયંબિલ, ૧૫ દિવસના એકાસણા, આઠ દિવસના બ્યાસણા, અઠમ તપ, એકલઠાણા, ઉપવાસ વગેરે વિવિધ તપસ્યાઓ શ્રી સંઘમાં થઈ હતી. સમગ્ર ગામે શાંતિ, સદભાવના, જપ તપ અને ભક્તિભાવ પૂર્વક શ્રી મહાપર્વની ઉજવણી કરી હતી.

પર્યુષણ પર્વમાં લાભાર્થી પરિવારની સન્માન કરવામાં આવ્યું. છઠના દિવસે દેરાસરજીનો દ્વાર ઉદઘાટનનો લાભ માતૃશ્રી વેલબાઈ નારણજી દંડ લીધો હતો અને આખા પર્યુષણ પર્વમાં સંચાલન રાજુભાઈ મોમાયા કર્યું હતું.

# લાલા મહાજનમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધના











# લાલા મહાજનમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધના









અચલગચ્છાધિપતિ શ્રી એ બાલ બ્રહ્મચારી, દીર્ઘ સંયમી,

ગુરૂમૈયા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબ ને

પ્રવર્તિની મહતરા સાધ્વી મુખ્યા પદે અલંકૃત કર્યા તે

માનમાં વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



આ વિશેષ પૂર્તિ માટે
ગુરૂમૈયા પ.પૂ.સાધ્વી
શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને
આપ તેમના પ્રત્યેની
અનુમોદના, આદરભાવ
તેમજ તેમના
સાથેના સંસ્મરણો
મંગળવાર
૭ ઓક્ટોબર ૨૦૨૫
સુધી લખીને મોકલો

આપ આપની જાહેરાત પણ આપી શકો છો

કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-

Kumar Dand - 99209 35414
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# શ્રી અચલગચ્છ જૈન સંઘ, ગાંધીધામ આયોજિત ચૈત્ય પરિપાટી



પર્યુષણ મહાપર્વના ૫ કર્તવ્યો પૈકી એક કર્તવ્ય એવા ચૈત્ય પરિપાટીના ભાગરૂપે પર્યુષણ બાદ તા. ૭ મી સપ્ટેમ્બર રવિવારના રોજ જિનાલયોને જુહારવા તથા પ.પૂ.અચલગચ્છાધિપતિ અને વિવિધ ગુરૂ ભગવંતોના દર્શન વંદન કરવા માટે એક દિવસીય યાત્રાનું આયોજન સંઘ દ્વારા કરવામાં આવેલ. જે વર્ધમાનનગર, ભુજ, દેવપુર, મોથાળા, ડુમરા, ઉનડોઠથી રાતે ગાંધીધામ પરત આવેલ. જેમાં ૭૫ લોકો જોડાઈ સંઘ સાથે યાત્રા કરી હતી. રૂા.૧૫૦/- નું સંઘ પૂજન કરવામાં આવેલ. ગ્રહણ અને વરસાદની આગાહીની વચ્ચે રેડ એલર્ટ જેવી વિકટ પરિસ્થિતિમાં પણ કોઈ વ્યકિતએ પોતાનું નામ રદ્દ કરેલ નહિ. ભગવાન ઉપરનો અડગ વિશ્વાસ અને ગુરૂ ભગવંતની દિવ્ય કૃપાથી આ યાત્રા નિર્વિઘ્નએ સંપૂર્ણ થયેલ.

યાત્રામાં સંઘ સાથે ચંપાલાલ પારેખ, મિતેષ ધરમશી, જીતેન્દ્ર છેડા, રમેશ દેઢિયા, ચંદ્રકાન્ત શાહ, કેતન લોડાયા, જીગર મૈશેરી, શૈલેષ નાગડા, વત્સલ છેડા, મિતેષ મોતા, ચંદન જૈન, ધવલ લોડાયા, જિનેશ શાહ, અનીશ લોડાયા, કેતન ગંગર, વિપુલ વીરા, મયુર ધરમશી, હિતેન્દ્ર છેડા, મનસુખલાલ વોરા રમેશ મોમાયા, રાજેશ છેડા, વિરેશ મોમાયા, મહેશ છેડા, દિપક મહેતા વિગેરે શ્રાવક-શ્રાવિકા અને બાળકોએ યાત્રા કરી હતી.






શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન નલીયાના ઉપક્રમે

**દેરાસર, નૂતન ઉપાશ્રય, આયંબિલવાડી તેમજ નૂતન ભોજનાલયની બાજુમાંજ અતિ અધતન સવલત ભર્યા લિફ્ટ સહીત ૧૫ રૂમોનું ગ્રાઉન્ડ + ૨ માળમાં નૂતન અતિથિભવનનું નિર્માણ થઇ રહ્યું છે**



## નૂતન અતિથિભવનની વિવિધ યોજનાઓ

- સંપૂર્ણ સંકુલના નામકરણના લાભાર્થી ૫૧,૦૦,૧૧૧
- ગ્રાઉન્ડ, પ્રથમ અને બીજા ફ્લોર ના મુખ્ય તક્તિના દરેકના રૂ. ૧૫,૦૦,૧૧૧
- લિફ્ટના લાભાર્થી રૂ. ૧૧,૦૦,૧૫૧
- ૧ રુમના સંપૂર્ણ ફર્નિચર સહિતના લાભાર્થી રૂપિયા ૬,૩૦,૦૦૦
- રત્ન સ્થંભ લાભાર્થી રૂપિયા ૨,૦૭,૦૦૦ (સાઇઝ ૨૪ ઇંચ X ૧૨ ઇંચ)
- સુવર્ણ સ્થંભ લાભાર્થી રૂપિયા ૧,૫૩,૦૦૦ (સાઇઝ ૧૮ ઇંચ X ૧૨ ઇંચ)
- રજત સ્થંભ લાભાર્થી રૂપિયા ૭૨,૦૦૦ (સાઇઝ ૧૨ ઇંચ X ૧૨ ઇંચ)

**અતિથિ ભાવનના સ્કીમના નામો નવી જગ્યામાં યોગ્ય જગ્યાએ લગાડવામાં આવશે**

**આ યજ્ઞમાં વધુમાં વધુ લોકો જોડાય, સહયોગ આપે અને માનવતાની ભાવનાને વિસ્તારે એજ અમારી પ્રેરણાત્મક અપીલ છે.**

**સંપર્ક ટ્રસ્ટી ગણ :-**

શ્રી મુલચંદ પદમશી મોતા (પ્રમુખ) બડગરા-કેરેલા - 09846214203
શ્રી મનોજ ઝવેરચંદ લોડાયા (ઉપ-પ્રમુખ) અંધેરી - 09820096286
શ્રી પીનાકીન જેઠાભાઈ છેડા (માનદ્મંત્રી) મુલુંડ - 09819708086
શ્રી સંજય ચીમનલાલ નાગડા (ખજાનચી) મુલુંડ - 09821062249
શ્રી ચન્દ્રેશ દિનેશ નાગડા (સહ માનદ્ મંત્રી) વડોદરા - 09909099250
શ્રી ચેતન લહેરચંદ નાગડા ડોંબિવલી - 09820105078
શ્રી યશ વિરેન્દ્ર લોડાયા મુલુંડ - 09619508170
શ્રી જુગલ માણેકજી નાગડા અંજાર - 09978002772
શ્રી રાજેશ લખમશી મોતા નલિયા - 09913115130
જયાબેન હીરજી પીર (લોડાયા) નલિયા - 09979253961
શ્રી કમલેશ ભવાનજી લોડાયા માણાવદર - 09426205756
શ્રી લલીત કુંવરજી ખોના નલિયા - 09920403950
સ્થાનિક ઓફીસ નંબર : 73597 71949 (ભાવેશ મૈશેરી) મેનેજર

શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમ:

# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલિયા

## (શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયા સંચાલિત)

## પાંજરાપોળના નૂતનીકરણની વિવિધ યોજનાઓ



**રત્ન સ્થંભ લાભાર્થી ૫,૦૪,૦૦૦/=**
**(મુખ્ય ઓફિસમાં ૨૪ ઇંચ x૧૨ ઇંચ ની બે ફોટા સહિત તકતી લગાડવામાં આવશે)**

**સુવર્ણ સ્થંભ લાભાર્થી ૨,૭૦,૦૦૦/=**
**(મુખ્ય ઓફિસમાં ૧૮ ઇંચ x૧૨ ઇંચની એક ફોટા સહિત તકતી લગાડવામાં આવશે)**

**રજત સ્થંભ લાભાર્થી ૧,૫૩,૦૦૦/=**
**(મુખ્ય ઓફિસમાં ૧૮ ઇંચ x૧૨ ઇંચમાં નામની તકતી લગાડવામાં આવશે)**

**આ સંસ્થામાં 80G અને CSR ઉપલબ્ધ છે**

**પાંજરાપોળના નૂતનીકરણની વિવિધ યોજનાઓમાં વડીલો અથવા આપનું નામ લખાવી જીવદયાના કાર્યમાં સહભાગી બની શકો છો**
**સહુનો સહકાર — સહુ માટે કલ્યાણકાર...!**

સંપર્ક ટ્રસ્ટી ગણ :-
શ્રી મુલચંદ પદમશી મોતા (પ્રમુખ) બડગરા-કેરેલા - 09846214203
શ્રી મનોજ ઝવેરચંદ લોડાયા (ઉપ-પ્રમુખ) અંધેરી - 09820096286
શ્રી પીનાકીન જેઠાભાઈ છેડા (માનદ્મંત્રી) મુલુંડ - 09819708086
શ્રી સંજય ચીમનલાલ નાગડા (ખજાનચી) મુલુંડ - 09821062249
શ્રી ચન્દ્રેશ દિનેશ નાગડા (સહ માનદ્ મંત્રી) વડોદરા - 09909099250
શ્રી ચેતન લહેરચંદ નાગડા ડોંબિવલી - 09820105078
શ્રી યશ વિરેન્દ્ર લોડાયા મુલુંડ - 09619508170
શ્રી જુગલ માણેકજી નાગડા અંજાર - 09978002772
શ્રી રાજેશ લખમશી મોતા નલિયા - 09913115130
જયાબેન હીરજી પીર (લોડાયા) નલિયા - 09979253961
શ્રી કમલેશ ભવાનજી લોડાયા માણાવદર - 09426205756
શ્રી લલીત કુંવરજી ખોના નલિયા - 09920403950
સ્થાનિક ઓફીસ નંબર : 73597 71949 (ભાવેશ મૈશેરી) મેનેજર

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ નલિયાના સર્વે ટ્રસ્ટીગણ ના જયજિનેન્દ્ર**

# શ્રીમતી ચારૂલ યોગેશ પટેલ નાગડા પી.એચ.ડી.કરી ડૉક્ટરેટ મેળવ્યું



મૂળ સાંધણ હાલે ઘાટકોપરના શ્રીમતી ચારૂલ યોગેશ પટેલ નાગડા મુંબઈ યુનિવર્સિટીમાંથી બિઝનેસ પોલિસી એન્ડ એડમિનિસ્ટ્રેશન વ્યવસાય અને વહીવટ અંતર્ગત An Analytical Study of Health Insurance among Working Women. કામ કરતી મહિલાઓમાં આરોગ્ય વીમાનો વિશ્લેષણાત્મક અભ્યાસ એ વિષય ટોપિક પર પીએચડી કરી ડોક્ટરેટ પદવી મેળવી છે. આ સિધ્ધિ સંશોધન નિંબધમાં સફળતા મેળવા માટે હાર્દિક અભિનંદન.

# દુબઈમાં સામૂહિક સાવંત્સરિક સામાયિક યોજાયું



મિડલ ઈસ્ટ ક્ષેત્રના યુનાઈટડ આરબ અમિરાત-યુએઈ દેશના લાર્જેસ્ટર શહેર દુબઈમાં ક.દ.ઓ.જ્ઞાતિના ૮૦ થી ૧૦૦ પરિવારો વસવાટ કરે છે. તેમના દ્વારા સામુહિક સાવંત્સરિક સામાયિક યોજાયું. નાના મોટા સહિત બાળકો વડીલો યુવાનો ભાઈ બહેનો ધર્મ ભાવથી ભાવપૂર્વક ખમત ખામણા કર્યા હતા અને જાણે અજાણે થયેલા દોષની ક્ષમા માગી હતી.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# મધ્યપ્રદેશના શિહોરમાં યોજાયેલ ધી પેજેન્ટ ઈન્ડિયા યોજિત કોમ્પિટીશનમાં

# પિતા-પુત્ર વિજેતા થયાં



મધ્યપ્રદેશ રાજ્યના શિહોર શહેરમાં ધી પેજેન્ટ ઈન્ડિયા આયોજિત મિસ્ટર મધ્યપ્રદેશ સીઝન ૩ કોમ્પિટિશન યોજાઈ. જેમાં મિસ્ટર મધ્યપ્રદેશનો એવોર્ડ બાયઠ હાલે ભોપાલના જય શાહ-પોલડિયા તથા ફસ્ટ રનર અપ એવોર્ડ ધર્મેન્દ્ર શાહને મળ્યો. વિશેષ રસપ્રદ બાબત એ છે કે ધર્મેન્દ્રભાઈ અને જય પિતા-પુત્ર છે. આ એવોર્ડ પ્રાપ્ત કરવા માટે પિતા ધર્મેન્દ્રભાઈ અને પુત્ર જયને હાર્દિક અભિનંદન.

# હુબલી નગરે ભગવતી મહાકાલી મંડળ દ્વારા ૨૯મા વર્ષે યોજાનારી નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉત્સાહ સાથે ઉજવણી કરાશે




કર્ણાટક રાજ્યના હુબલી નગરે શ્રી ભગવતી મહાકાલી મંડળ દ્વારા તા.૨૨ સપ્ટેમ્બર સોમવારથી તા.૧ ઓક્ટોબર બુધવાર સુધી ૨૯મા વર્ષે નવરાત્રિ મહોત્સવના ઉજવણી ભવ્ય ભાવ સાથે કેડીઓ રેસિડેન્સીમાં શાંતિલાલ રામજી લાલકાના નિવાસ સ્થાને કરાશે. આ મહોત્સવ પ્રસંગે પૂજા સામગ્રી કૈલાશભાઈ મુનવર, ભાવના દરમ્યાન પૂછાતા પ્રશ્નોના વિજેતાઓને ઈનામો નેવિલ નારાણજી લોડાયા તેમજ વિજયાદશમીના અલ્પાહાર રાહુલ પ્રફુલ્લ મોમાયા તરફથી રાખવામાં આવેલ છે.

કાર્યક્રમની રૂપરેખા મુજબ સૌ પ્રસાદ પ્રભાવનાનો લાભ લેશોજી. શ્રી માતાજી સોમવાર તા.૨૧ સપ્ટેમ્બરના સવારે થી કલાકે શુભ ચોઘડીયામાં પોતાનું સ્થાન ગ્રહણ કરશે. તા.૧ ઓક્ટોબર બુધવારના સવારે ૧૦.૩૦ કલાકે શુભ ચોઘડિયામાં આરતી થયા બાદ માતાજી પોતાના મૂળ સ્થાનમાં જવા વિદાય લેશે. સૌએ અલ્પાહારનો લાભ લેવા વિનંતી.

ભાવનાનો સમય રાત્રે ૮ થી ૧૦. આઠમની આરતીનો લાભ ધૃતના ઉછામણીથી આપવામાં આવશે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાશિક રોડ સેવાભાવી જૈન સંઘ આયોજિત પ્રથમ સ્નેહમિલન દેવલાલી. |
| તા.૧૭ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાસિક રોડ જૈન સંઘ આયોજિત ચેત્ય પરિપાટી મહારાષ્ટ્ર-ગુજરાતના ૯ તીર્થ. |
| તા.૧૯ થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી આયોજિત ચૈત્ય પરિપાટી-ઉત્તર ગુજરાતના તીર્થ. મો.નં. ૯૮૩૩૧૪૬૦૪૭ |
| તા.૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન યુવક મંડળ, બૃહદ ગાંધીધામ વિસ્તાર દ્વારા આયોજિત સાર્થક એકેડમીક એક્સીલન્સ એવોર્ડ ૨૦૨૫ સ્થળઃ શ્રી અંબેમાતા હોલ, સેક્ટર ૪, ઓસ્લો. |
| તા.૯ નવેમ્બર ૨૦૨૫ | છેડા ગોત્ર પહેડી, સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ |
| તા.૨૬ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી કુંથુનાથ જિનાલય (અચલગચ્છ) રાયપુરનું રજત ધ્વજા મહોત્સવ |

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા સ્વામીવાત્સલ્યનું આયોજન




શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરનું 'નાત જમણ' (સાધર્મિક સ્વામીવાત્સલ્ય)ના કાયમી લાભાર્થી માતુશ્રી માધુરીબેન લાલજી ઘેલાભાઈ શાહ પરિવાર (જખૌ-યુએસએ મુંબઈ) શ્રી ઘેલાભાઈ ફાઉન્ડેશન, રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલય પરિવારમાં શ્રી વિવિધલક્ષી હાલમાં રવિવાર, તા.૩૧ ઓગસ્ટ સવારે ૧૧.૩૦ વાગેથી સર્વપ્રથમ દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, શ્રી ભૂપેન્દ્ર ગોવિંદજી મોમાયા, શ્રી કિશોર મેઘજી મોતા, શ્રી હરીશ શિવજી લોડાયા, શ્રી હિતેશ શરદભાઈ મોમાયાએ લાભાર્થી પરિવારનું ખૂબ ખૂબ આભાર માનેલ.

| Anumodana | | |
|---|---|---|
| Sanjivani Case - 202 | | |
| Name:Mr. Vinod Shivji Dharamshi | Age : 65 Yrs. | Village: Rangpur - Dombivli |

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 25,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 1,21,000.00 |
| Shri Raichand Malshi Motta, Kuvpadhar - Salem | 10,080.00 |
| Shri Manojkumar Laxmichand Kuruwa, Bayath - Kuwait | 10,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, kothara - Bangalore | 10,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayera - Raipur | 3,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Shri Shrikant Bankimchand Shah (Lodaya), Raichur | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# જૈન મેરેજ મિશન દ્વારા પ્રીમેરેજ કાઉન્સિલિંગ સેમિનાર યોજાયો

તા.૭ સપ્ટેમ્બર રવિવારના દાદર મધ્યે કરસન લધુ નિસર હૉલ ખાતે કચ્છની વિવિધ જૈન જ્ઞાતિઓ જેવી કે શ્રી કચ્છી વીશા ઓસવાલ, શ્રી કચ્છી દશા ઓસવાળ, શ્રી વાગડ વીશા ઓસવાલ, શ્રી વાગડ સાત ચોવીસ ગુર્જર વણિક, શ્રી વાગડ બે ચોવીસી ગુર્જર વણિક, શ્રી જૈન શ્રીમાળી, જ્ઞાતિ અને શ્રી હાલારી વિશા ઓસવાલ જ્ઞાતિ વચ્ચે લગ્ન સગપણ સેતુ રચાય એ હેતુથી શ્રી જૈન મેરેજ મિશનની સ્થાપના કરાઈ છે. તે બેનરના નેજા હેઠળ પ્રીમેરેજ કાઉન્સિલિંગ સેમિનારનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ઘટક સંસ્થાઓના પદાધિકારીઓએ હાજરી આપી હતી.

સંસ્થા પ્રમુખ તરલાબેન જયંત છેડા એ ઉપસ્થિત સર્વે ઉમેદવારો, વડીલો, આમંત્રિત મહેમાનો અને જ્ઞાતિ સંસ્થાના પદાધિકારીઓને આવકાર આપ્યો હતો. તેમણે આ પ્રકારના કાર્યક્રમની મહતા સમજાવતા કહ્યું હતું કે છુટાછેડા લેતા ૮૦ ટકા યુગલો લગ્નના પ્રથમ એક કે બે વર્ષમાં છુટા પડે છે. આનું તારણ એ છે કે આ માટે વિવાહ માટેની અપુરતી તૈયારી જવાબદાર છે. જેના નિવારણાર્થે પૂરતી તૈયારી સજાગતા માટે આ પ્રકારે પ્રીમેરેજ કાઉન્સિલિંગની આવશ્યકતા હોવાની જરૂર છે.

સેમિનારમાં વક્તા તરીકે પધારેલા જાણીતા સેક્સોલોજિસ્ટ અને મેરેજ કાઉન્સિલર ડૉ.શિરીષ માલદે એ પોતાની આગવી શૈલીમાં ઉપસ્થિત લગ્નોત્સુક યુવક યુવતીઓને જીવન સાથીની પસંદગી માટે સરળ અને મૌલિક રીતે માર્ગદર્શન આપ્યું હતું.

જીવન સાથીની પસંદગી માટે માત્ર બાહ્ય દેખાવ કે રૂપ રંગને બદલે જરૂરી તેવા ગુણો ચકાસીને પસંદગી કરવી. જો યોગ્ય પાત્ર જણાય આપણી પસંદગીમાં બંધ બેસતા વ્યક્તિ હોય તો ઉંમરમાં, હાઈટમાં અભ્યાસમાં વિગેરેમાં જરૂર બાંધછોડ કરી શકાય. વર્તમાન પરિસ્થિતિમાં રહેઠાણનું મહત્વ ખૂબ વધી ગયું છે. વસવાટ શહેરનું મહત્વ ખૂબ વધી ગયું છે. આ બાબતમાં પણ યુવતીઓએ યોગ્ય પાત્ર ધ્યાનમાં રાખીને પસંદગીના માપદંડમાં છૂટછાટ રાખવી.

લગ્ન બંધનમાં જોડાતા દરેક પાત્રોએ તેમના કોઈ પૂર્વ પ્રેમ સંબંધ હોય તો તેને સદંતર ભૂલીને નવા સંબંધમાં કટિબધ્ધતા દાખવવી જરૂરી છે. નહિંતર ભાવિ લગ્ન જીવનમાં ઝંઝાવાત સર્જાઈ શકે છે. વેવિશાળ થયેલા યુવક યુવતીઓ ફક્ત દીવા સ્વપ્નોમાં ન રાચતા ભાવિ સહજીવનના આયોજન ઉપર ખાસ ધ્યાન આપવું. ખાસ કરીને આર્થિક આયોજન અને ઘર વર્ક વચ્ચે બેલેન્સ જાળવવું બહુ મહત્વનું છે.

આ મિશનની સંકલ્પના દેવચંદભાઈ રામજી છેડા દ્વારા કરવામાં આવી છે. કાર્યક્રમમાં માહિતી અપાઈ હતી કે અત્યાર સુધી આ સંસ્થાના વેબ પોર્ટલ ઉપર ૧૨૦૦ થી વધુ વિક્રમી સંખ્યામાં લગ્નોત્સુક યુવક યુવતીઓના રજિસ્ટ્રેશન થયાં છે.

કાર્યક્રમમાં જૈન મેરેજ મિશનના ઉપપ્રમુખ પદ સંભાળતા શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખ નયન અશોક ભેદા ઉપસ્થિત રહ્યાં હતાં. આ સંસ્થામાં ક.દ.ઓ.જ્ઞાતિ એક ઘટક સભ્ય તરીકે જોડાયેલી છે.

# તિરૂપુર સંઘમાં પર્યુષણ પર્વ ધર્મભક્તિ ભાવથી ઉજવવામાં આવ્યા





દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં પર્યુષણ મહાપર્વ ધર્મ ભક્તિ ભાવ સાથે ઉજવવામાં આવ્યા. આર્યરક્ષિત સંસ્થામાંથી તેજસભાઈ, તીર્થભાઈ અને કવિશભાઈ આરાધના કરાવવા પધારેલ. રોજ સવારના પક્ષાલ સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન મોટી પૂજા ભક્તિ ભાવનાનું કાર્યક્રમ રાખવામાં આવેલ હતા. કલ્પસૂત્ર પધારવાનો લાભ ધનરાજ નાનેશા તેમજ કલ્પસૂત્ર ગુરૂજીને વોરાવવાનો લાભ હંસરાજ વેરસી નાગડા પરિવારે લીધેલ તેમજ પારણા પધરાવવાનો લાભ માતુશ્રી લલિતાબેન ભાવરલાલજી જૈન પરિવાર લીધેલ. બારસા સૂત્ર વહોરાવવાનો લાભ હંસરાજ વેરશી નાગડા પરિવારે લીધેલ હતો. દરરોજ લગભગ ૮૫ જણ એકાસણા આઠ દિવસ કરેલ.

તા.૨૮ ઓગસ્ટ ગુરૂવારના તપસ્વીઓના પારણાના લાભાર્થી શિવકુમાર બંસીલાલ ગુલેચા પરિવાર રહ્યા હતા. બપોરના સ્વામીવાત્સલ્ય સામૂહિક સાધર્મિક ભાઈઓ તરફથી રાખેલ. ભક્તિની રમઝટ ગોપાલાભાઈની ટીમ જમાવેલ. બધા તપસ્વીઓનું બહુમાન શ્રી સંઘ તરફથી કરાયેલ. આમ સંઘના શ્રાવક શ્રાવિકોના અનન્ય સહભાગથી પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની અદ્ભૂત ધામધૂમથી ધર્મ ભક્તિના ભાવ સાથે ભવ્ય પણે થઈ હતી.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ





**જનકભાઈ ધરમશી**
તા.૭ સપ્ટેમ્બર (ઉ.૬૫)
કોઠારા-મુલુંડ



**નીનાબેન લોડાયા**
તા.૯ સપ્ટેમ્બર (ઉ.૭૫)
રવા-ચેમ્બુર



**મણિબાઈ મોતા**
તા.૧૩ સપ્ટેમ્બર (ઉ.૮૪)
વારાપધર-હૈદ્રાબાદ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● લખપત તાલુકાના સાનધ્રો વાંઢના પશુ પાલકની બન્ની નસલની ભેંસ જે દૈનિક ૧૮ થી ૧૮ લિટર દૂધ આપે છે. તે ૧૪ લાખમાં વેંચાઈ હોવાની ચર્ચા જાગી છે. સાનધ્રોના પશુ પાલક ગાજી હાજી જત એ જણાવ્યું કે બન્નીના શેરવા ગામના પશુ પાલકએ ૧૪ લાખમાં ખરીદી છે. તેઓ પોતે રૂા.૧૦ લાખમાં લીધી હતી. મૂળનો આ ભેસ વર્મા નગર (સોનમ નગર)ના માલધારી પાસે હતી. તેણે અમદાવાદમાં વેંચી અને ત્યાંથી સાનધ્રો વાંઢમાં આવી હતી.

● એક તરફ પ્રવેશ ઉત્સવના નામે રાજ્ય સરકાર પ્રવેશોત્સવ યોજે છે. બેટી પઢાઓ બેટી બચાઓ જેવા વિવિધ સૂત્રો દ્વારા દીકરીઓને ભણાવવામાં આવે એવા પ્રયાસ થાય છે. પણ એ હકીકતથી વિરૂધ્ધમાં કોઠારાના પ્રાથમિક કન્યાશાળામાં ૨૬૧ વિદ્યાર્થીનીઓ સંખ્યા સામે નવની મહેકમની સામે માત્ર એક જ શિક્ષક હોવાથી એવો પ્રશ્ન થાય કે વિદ્યાર્થીનીઓને ભણાવશે કોણ? એક શિક્ષક જે ઓનલાઈન કામગીરી, મિટિંગ જેવા અનેક સરકારી કામ કરવાના જરૂરી હોય. કોઠારા સરપંચ પ્રેમિલાબેન પરગડુએ કહ્યું કે અમે પણ અમારી રીતે ઉપર રજૂઆત કરી ચૂક્યા છીએ તો પણ દાદ મળતી નથી. વાલી મંડળની દ્વારા પણ ઘણી રજૂઆતો કરી ચૂકાઈ છે પણ ઉકેલ આવ્યો નથી.

● ભારતની સૌથી મોટી રિન્યુઓબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી લિ. એ ૧૫૫૩૯.૯ મેગાવોટની કાર્યક્ષમતા વટાવીને એક મહત્વપૂર્ણ સીમાચિન્હ હાંસલ કરવા સાથે ભારતમાં અત્યાર સુધીની સૌથી ઝડપી અને વિરાટ સિધ્ધિ પ્રાપ્ત કરી છે. ૧૧૦૦૫ મેગાવોટ ઔર ૧૯૭૭ મેગાવોટ પવન અને ૨૫૫૭ મેગાવોટ પવન સૌર હાઈબ્રિડ ક્ષમતાનો સમાવેશ થાય છે. કચ્છના ખાવડા વિસ્તારમાં ૩૦ હજાર મેગાવોટનો નવીનીકરણીય ઊર્જા પ્લાન્ટ પ્રકલ્પ પૂર્ણ થયા પછીને તમામ ઊર્જા સ્રોતમાં ધરતી પરનો સૌથી મોટો ઊર્જા પ્રકલ્પ હશે. કંપનીનું લક્ષ્ય વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૫ હજાર મેગાવોટથી ૫૦ હજાર મેગાવોટ ઉત્પાદન ક્ષમતા સુધી ઝડપથી પહોંચવાનું છે.

● માધાપરમાં આવેલા નવચેતન અંધજન મંડળ ખાતે દિવ્યાંગભાઈ બહેનોના ઉત્સાહ સાથે ત્રણ મહત્વપૂર્ણ કાર્યક્રમ સ્માર્ટફોન, વિતરણ, નેશનલ ગોલબોલ ટ્રેનિંગ કેમ્પ સહિતનું આયોજન કરવામાં આવ્યું. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાના ઉમદા હેતુથી વિઝન એઈડ ઈન્ડિયા દ્વારા ૧૫ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને સ્માર્ટફોનનું વિતરણ કરવામાં આવ્યું. સ્માર્ટફોન આજના ડિજીટલ યુગમાં તેમને શિક્ષણ અને માહિતી સાથે જોડવામાં અત્યંત મદદરૂપ થશે. નેશનલ ગોલબોલ ટ્રેનિંગમાં દિવ્યાંગ ખેલાડીઓએ કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું. તેમને તથા કોચને રેફરીને ભેટ અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતાં.

● વિશ્વ વિરાસત ધોળાવીરાને રોડ ટુ હેવન થકી જિલ્લાના મુખ્ય મથક ભુજથી સાંકળ્યા બાદ ધોળાવીરાથી સાંતલપર સુધીના રાષ્ટ્રીય ધોરી માર્ગને ટુલેન કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. આ માર્ગના વિસ્તૃતિકરણ બાદ વિશ્વ ધરોહરના વિકાસની ગતિ સડસડાટ દોડશે. ધોળાવીરા-બેલા-મોવાણા-જાખોત્રાથી ભારતમાલાને જોડતો સાંતલપુર સુધીનો ૧૦૬.૧૦ કિ.મી.નો ટુલેન રાષ્ટ્રીય રાજમાર્ગ ૭૫ કે બનાવવા માટે કેન્દ્ર સરકારે ૫૭૫ કરોડની રકમ ફાળવી છે. આ વિષયકની જાહેરાત કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પોતાના ટવીટર એકાઉન્ટ પર કરતાં જણાવ્યું હતું કે આ પરિયોજના કચ્છના રણને ગુજરાતથી જોડતી એક મહત્વપૂર્ણ રણનીતિક લિંક બની રહેશે.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

FIXED DEPOSIT
720 Days
RATE OF INTEREST

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens

STAMP FRANKING
Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com
@ Arihant Bank